


# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

મલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ❋ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ❋ RNI NO : GJGUJ/25/A1447 ❋ Vist : www.dailypulse.org.in
રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ❋ Follow : @dailypulsenews24 ❋ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ❋ કિંમત : મફત

## સુપ્રીમ કોર્ટનું મહત્વનું અવલોકન: હિંસા વગર સરકારની ટીકા કરવી એ ગુનાહિત કૃત્ય નથી

ભારતની સુપ્રીમ કોર્ટે લોકશાહીના ચોથા સ્તંભ સમાન મીડિયાની સ્વતંત્રતા અને નાગરિકોના અભિવ્યક્તિના અધિકારને લઈને અત્યંત વ્યાપક અને દીર્ઘદ્રષ્ટિપૂર્ણ અવલોકનો કર્યા છે. અદાલતના આ મંતવ્યો વર્તમાન સમયમાં પત્રકારત્વ અને વાણી સ્વાતંત્ર્યના રક્ષણ માટે પાયાના પથ્થર સમાન સાબિત થશે. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ શબ્દોમાં ઘોષણા કરી છે કે સરકાર અથવા જાહેર નીતિઓની ટીકા કરવી એ ગુનો નથી. આઝાદ લોકશાહીમાં અસંમતિનો સૂર એ કોઈ અપરાધ નથી, બલ્કે તે વ્યવસ્થામાં સુધારો લાવવાનું એક સાધન છે. ઐતિહાસિક 'વિનોદ દુઆ વિરુદ્ધ ભારત સરકાર' (2021) કેસનો ઉલ્લેખ કરીને સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે પત્રકાર દ્વારા સરકારના કામકાજ પર કરવામાં આવતી ટીકાત્મક ટિપ્પણીઓને દેશદ્રોહ કે અન્ય કોઈ ગંભીર ગુના સમાન ગણી શકાય નહીં.

બંધારણના અનુચ્છેદ 19(1)(a) હેઠળ પ્રાપ્ત થયેલો અભિવ્યક્તિનો અધિકાર દરેક નાગરિક અને પત્રકાર માટે સુરક્ષા કવચ પૂરું પાડે છે. કોર્ટે અવલોકન કર્યું હતું કે જો પત્રકારોના અવાજ પર અનાવશ્યક કાનૂની કાર્યવાહીનો ગાળિયો કસવામાં આવે, તો તેનાથી જાહેર હિતના ગંભીર મુદ્દાઓ જનતા સુધી પહોંચતા અટકી જાય છે, જે આખરે લોકશાહી માટે ઘાતક છે. ન્યાયતંત્રએ ભાર મૂક્યો હતો કે કાયદાકીય સંસ્થાઓ અને સત્તાધીશોએ દરેક મામલામાં લખાણ, નિવેદન અને તે સમયે સર્જાયેલી પરિસ્થિતિઓના તથ્યોને ખૂબ જ બારીકાઈથી તપાસવા જોઈએ. માત્ર ટીકાને કારણે કાનૂની પગલાં લેવા તે લોકશાહીની પરંપરાથી વિરુદ્ધ છે. કોર્ટના મતે, લોકશાહીમાં ચૂંટાયેલી સરકારોએ આલોચના સામે સહિષ્ણુતા કેળવવી જોઈએ, કારણ કે ટીકા જ સરકારને વધુ જવાબદાર બનાવે છે.

જોકે, અદાલતે આ અધિકારોની મર્યાદાઓ પર પણ સંતુલિત પ્રકાશ પાડ્યો છે. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું છે કે અભિવ્યક્તિની સ્વતંત્રતા 'અસીમ' નથી. જો પત્રકારત્વના ઓઠા હેઠળ કોઈ સામગ્રી જાણીજોઈને હિંસા ભડકાવે, સામાજિક દ્વેષ પેદા કરે અથવા તદ્દન ખોટી માહિતી (Misinformation) ફેલાવે, તો તેવી સ્થિતિમાં કાયદેસરની કાર્યવાહી નિશ્ચિતપણે થઈ શકે છે. સામાજિક એકતા અને રાષ્ટ્રીય સુરક્ષા સાથે બાંધછોડ કરીને મળતી આઝાદી ક્યારેય સ્વીકાર્ય નથી. અંતમાં, સુપ્રીમ કોર્ટના આ અવલોકનો પાયાની એક જ વાત પર ભાર મૂકે છે: જો પત્રકારિતા સાચી, તથ્ય આધારિત અને જાહેર હિતના ઉમદા હેતુથી કરવામાં આવી હોય, તો તે કાયદાકીય રીતે સંપૂર્ણપણે સુરક્ષિત છે. આ અવલોકનોથી પત્રકાર જગતમાં આત્મવિશ્વાસ વધશે અને મુક્ત અભિવ્યક્તિના સંવર્ધનમાં મદદ મળશે.



**સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે હિંસા વગર સરકારની ટીકા કરવી ગુનો નથી. પત્રકારોની આઝાદી લોકશાહીનો પાયો છે.**

## દારૂની હેરાફેરી કરતા શખ્સની પાસા હેઠળ અટકાયત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર દ્વારા શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે અસામાજિક તત્વો સામે પાસા અને હદપારીના શસ્ત્રનો ઉપયોગ તેજ કરવામાં આવ્યો છે. આ અભિયાન હેઠળ મકરપુરા પોલીસે દારૂની હેરાફેરીના રીઢા ગુનેગાર અર્જુનસિંગ કિરપાલસિંગ સરદાર (સીકલીગર) ની અટકાયત કરી છે.

આરોપી અર્જુનસિંગનો ગુનાહિત ઈતિહાસ ઘણો લાંબો છે. તેની સામે મકરપુરા પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૫ દરમિયાન અનેક ગુનાઓ નોંધાયા છે. તેની મોડસ ઓપરેન્ડી અત્યંત ચાલાકીભરી હતી; તે હરિયાણાથી ઓઈલની ડોલોમાં દારૂ છુપાવીને વડોદરા મંગાવતો હતો અને પકડાઈ ન જવાય તે માટે નકલી પેઢીના સિક્કાઓનો ઉપયોગ કરતો હતો. અગાઉ ધરપકડ થયા બાદ જામીન પર મુક્ત થઈ તે ફરી આ જ પ્રવૃત્તિ શરૂ કરી દેતો હતો. શહેર વિસ્તારમાં શાંતિ અને ભાઈચારો જળવાઈ રહે તથા ધાર્મિક પ્રસંગો દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ સતત મોનિટરિંગ કરી રહી છે. રીઢા ગુનેગારોની સતત ચાલતી ગુનાકીય પ્રવૃત્તિ પર અંકુશ મેળવવા માટે કમિશનરના આદેશથી અર્જુનસિંગ વિરુદ્ધ પાસાનું વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. મકરપુરા પોલીસે વોરંટની બજવણી કરી આરોપીને રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે જેલભેગો કર્યો છે. પોલીસની આ કડક કાર્યવાહીથી દારૂના વેપલા સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.




**વડોદરાના મકરપુરામાં દારૂની હેરાફેરી અને વેચાણ કરતા અર્જુનસિંગ સરદારની પાસા હેઠળ અટકાયત કરી રાજકોટ જેલ મોકલી અપાયો છે.**

## કેવડિયા: રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની મીડિયા કાર્યશાળા સંપન્ન

**દૈનિક પલ્સ સમાચાર:** દૈનિક પલ્સ સમાચાર: કેવડિયા (ગરુડેશ્વર) ના નયનરમ્ય વાતાવરણમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ - ગુજરાત પ્રાંત દ્વારા આયોજિત મીડિયા પ્રકોષ્ઠની બે દિવસીય કાર્યશાળા અત્યંત સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. 17 અને 18 જાન્યુઆરી 2026ના રોજ યોજાયેલી આ કાર્યશાળામાં ગુજરાતના ખૂણેખૂણેથી 81 જેટલા પ્રતિભાશાળી મીડિયા કાર્યકર્તાઓએ ભાગ લીધો હતો. આ તાલીમ શિબિરનો હેતુ વર્તમાન ડિજિટલ યુગમાં શિક્ષણ અને રાષ્ટ્રવાદી વિચારોને મીડિયાના માધ્યમથી પ્રભાવશાળી રીતે રજૂ કરવાનો હતો. જીએસસી બેંક સહકાર ભવન ખાતે યોજાયેલા વિવિધ સાત સત્રોમાં પ્રિન્ટ, ઇલેક્ટ્રોનિક અને સોશિયલ મીડિયાના પાસાઓને આવરી લેવામાં આવ્યા હતા. ઉદ્ઘાટન સત્રમાં શ્રીમતી મિત્તલ મકરંદે કાર્યકર્તાઓને રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયામાં મીડિયાની અગત્યતા સમજાવી હતી. અખિલ ભારતીય પદાધિકારી દર્શન ભારતીએ આજના યુગમાં મીડિયાની સક્રિયતા કેવી રીતે વધારવી અને વૈચારિક પ્રભાવ કેવી રીતે ઊભો કરવો તે અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યશાળાની વિશેષતા એ હતી કે અહીં માત્ર થીયરી નહીં પરંતુ વ્યવહારિક તાલીમ પર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો. કાર્યકર્તાઓને વિવિધ મીડિયા ટૂલ્સનો ઉપયોગ કરીને કન્ટેન્ટ બનાવતા શીખવવામાં આવ્યું હતું. ખાસ કરીને સોશિયલ મીડિયા પર ફેલાવવામાં આવતા 'ફેક નેરેટિવ'ને ઓળખીને તેનો વૈચારિક રીતે સામનો કેવી રીતે કરવો, તે અંગેના સત્રો ખૂબ જ પ્રેરણાદાયક રહ્યા હતા. પ્રાંત અધ્યક્ષ મિતેષભાઈ ભટ્ટ અને મહામંત્રી પરેશભાઈ પટેલે કાર્યકર્તાઓને સતત પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવામાં નર્મદા જિલ્લાના સ્થાનિક કાર્યકર્તાઓ અને પ્રાંત પ્રચાર ટીમનો સિંહફાળો રહ્યો હતો. સંગઠન મંત્રી સરદારસિંહ મછારે તમામ કાર્યકર્તાઓને વ્યક્તિગત આચારસંહિતા અને ગરિમા જાળવીને મીડિયા ક્ષેત્રમાં કામ કરવાની અપીલ કરી હતી. આ કાર્યશાળાથી સજ્જ થયેલા કાર્યકર્તાઓ હવે રાજ્યના દરેક જિલ્લામાં શૈક્ષિક મહાસંઘના પ્રચાર અને પ્રસારને નવી ઊંચાઈઓ પર લઈ જશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.



**કેવડિયા (ગરુડેશ્વર) ખાતે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા દ્વિદિવસીય મીડિયા કાર્યશાળા સફળતાપૂર્વક યોજાઈ ગઈ. રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી 81 કાર્યકર્તાઓએ ભાગ લઈ સોશિયલ અને પ્રિન્ટ મીડિયાના સાત સત્રોમાં રાષ્ટ્ર નિર્માણ માટે અસરકારક પ્રચારની તાલીમ મેળવી હતી.**

## વડોદરા બોટકાંડ: 2 વર્ષે પણ ન્યાય અધૂરો, વાલીઓનો હોબાળો

**દૈનિક પલ્સ સમાચાર:** ૧૮ જાન્યુઆરી ૨૦૨૪ની એ ગોઝારી ઘટનાને બે વર્ષ થયા, પણ વડોદરાના શાસકોના પેટનું પાણી હલતું નથી. હરણી બોટકાંડમાં ૧૨ બાળકો અને ૨ શિક્ષકોને મોતના મુખમાં ધકેલનાર કોટિયા પ્રોજેક્ટના ભાગીદારો અને ભ્રષ્ટ અધિકારીઓ આજે પણ કાયદાની છટકબારીનો લાભ લઈ રહ્યા છે. હદ તો ત્યારે થાય છે જ્યારે પીડિત માતાઓ આક્ષેપ કરે છે કે તેમને ન્યાય માંગવા બદલ ગુનેગાર જેવું વર્તન સહન કરવું પડે છે. નેતાઓ વડોદરા આવે ત્યારે પીડિતોને નજરકેદ જેવી સ્થિતિમાં રાખવામાં આવે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો આજનો વડોદરા પ્રવાસ રદ થવા પાછળ પીડિત પરિવારોનો ડર હોવાનું વાલીઓ માની રહ્યા છે. ન્યૂ સનરાઈઝ સ્કૂલની ગુનાહિત બેદરકારી સામે DEO કચેરીએ માત્ર ૧૦ હજારનો નજીવો દંડ કરી લાલ જાજમ બિછાવી આપી હતી, જેની સામે હવે વાલીઓએ ગ્રાહક કોર્ટમાં ₹૧૬.૬૧ કરોડનો જંગ છેડ્યો છે. ભાજપના કાઉન્સિલર દ્વારા જ જ્યારે તંત્રને 'જાડી ચામડીનું' કહેવામાં આવે, ત્યારે સમજી શકાય છે કે ભ્રષ્ટાચારના મૂળ કેટલા ઉંડા હશે. બાળકો તો પાછા આવવાના નથી, પણ શું આ સિસ્ટમ કોઈ એક આરોપીને કડક સજા આપી શકશે? કે પછી વાલીઓનો આ આક્રંદ સત્તાના નશામાં ચૂર નેતાઓના કાન સુધી ક્યારેય પહોંચશે જ નહીં?




## એસ્ટ્રોન ચોકના જાણીતા મોબાઈલ શોરૂમમાં GST તપાસ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટના એસ્ટ્રોન ચોક વિસ્તારમાં આવેલા નામાંકિત મોબાઈલ શોરૂમ્સ પર જીએસટી (GST) વિભાગના દરોડાથી વ્યાપારી આલમમાં ખળભળાટ મચી ગયો છે. ઉમિયા મોબાઈલ અને મેહુલ ટેલિકોમ જેવા મોટા ગજાના રિટેલર્સ પર જીએસટી વિભાગની ટીમોએ એકસાથે સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

આ કાર્યવાહી મુખ્યત્વે કાચા બિલ પર થતા વેચાણ અને આઈટીસી (Input Tax Credit) માં જોવા મળતી વિસંગતતાઓને લઈને કરવામાં આવી હોવાનું મનાય છે. એસ્ટ્રોન ચોકમાં દરરોજ કરોડો રૂપિયાનો મોબાઈલ વેપાર થાય છે, જેના પર તંત્ર લાંબા સમયથી નજર રાખી રહ્યું હતું. અધિકારીઓએ હાલ સ્ટોકની ભૌતિક ચકાસણી શરૂ કરી છે અને વેચાણના બિલોની વિગતો ઓનલાઇન ડેટા સાથે સરખાવવામાં આવી રહી છે. તપાસ દરમિયાન મોટા પાયે કરચોરી પકડાય તેવી પૂરેપૂરી સંભાવના સેવાઈ રહી છે.

## WPL 2026: વડોદરામાં જામશે મહિલા ક્રિકેટનો જંગ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં વિશ્વાસઘાત અને છેતરપિંડીની એક વરવી ઘટના સામે આવી છે. વિઝા એજન્ટ તરીકે કામ કરતા મિલીન ઇન્દ્રવદન પટેલે માનવતા અને પાડોશી ધર્મને નેવે મૂકીને અમિતકુમાર પટેલ પાસેથી ₹7.75 લાખ ખંખેરી લીધા છે. જુલાઈ 2025માં શરૂ થયેલો આ ખેલ નવેમ્બર સુધી ચાલ્યો, જેમાં આરોપીએ પેરિસના સ્ટુડન્ટ વિઝાથી લઈને પોલેન્ડની વર્ક પરમિટ સુધીના ખોટા વાયદા કર્યા. આરોપીની મોડસ ઓપરેન્ડી એટલી ક્રૂર છે કે તેણે કામ શરૂ થઈ ગયું હોવાનું કહીને વોટ્સએપ પર ખોટા દસ્તાવેજો પણ મોકલ્યા હતા. હદ તો ત્યારે થઈ જ્યારે પૈસા પરત કરવા માટે આપવામાં આવેલો ચેક બાઉન્સ થયો. બેંકે ખુલાસો કર્યો કે આરોપીનું એકાઉન્ટ ડભોઈ પોલીસની નોટિસના કારણે ફ્રીઝ છે, જેનો અર્થ એ છે કે મિલીન પટેલ રીઢો ગુનેગાર હોઈ શકે છે. વડોદરામાં આવા 'વિઝા માફિયા'ઓ ગલીએ-ગલીએ ફૂટી નીકળ્યા છે અને પોલીસ માત્ર ગુનો નોંધીને સંતોષ માની રહી છે. શું આવી ઓફિસોનું રજિસ્ટ્રેશન તપાસવાની તસ્દી કોઈ લે છે? પાડોશીના સંબંધોનો દુરુપયોગ કરીને આચરાયેલી આ ઠગાઈ એ સમાજ માટે લાલબત્તી સમાન છે. માંજલપુર પોલીસની તપાસ કેટલી ઝડપી રહે છે, તેના પર સૌની નજર છે.




**વડોદરામાં વિદેશ જવાના ઘેલછામાં વધુ એક પરિવાર લૂંટાયો છે. માંજલપુરમાં 'પીએમ ઓવરસીઝ'ના સંચાલક મિલીન પટેલે પોતાના જ પાડોશી વેપારીને પોલેન્ડ મોકલવાના બહાને ₹7.75 લાખનો ચૂનો લગાવ્યો છે. વિશ્વાસના નામે છેતરપિંડીનો ખેલ હવે સરેઆમ ખેલાઈ રહ્યો છે.**

# વડોદરા પાલિકાની બેઠકમાં ધારાસભ્યો લાલઘૂમ, અધિકારીઓ મૌન

## વડોદરા પાલિકા સંકલન બેઠક: ફૂડ અને ડ્રેનેજ મુદ્દે હોબાળો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા મહાનગરપાલિકામાં મળેલી ધારાસભ્યોની સંકલન બેઠકમાં શહેરના વિકાસ અને જનસુવિધાના મુદ્દે ગરમાગરમ ચર્ચાઓ થઈ હતી. બેઠકમાં સૌથી વધુ આક્રમક મિજાજ ધારાસભ્ય યોગેશ પટેલનો જોવા મળ્યો હતો. તેમણે આરોગ્ય વિભાગની કામગીરી સામે લાલ આંખ કરતા કહ્યું કે, માત્ર સેમ્પલ લેવાથી જનતાના આરોગ્યનું રક્ષણ નહીં થાય. કડક દંડ અને સીલિંગની કાર્યવાહીમાં તંત્ર કેમ પાછળ છે? આ રજૂઆત બાદ કમિશનરે ફૂડ સેફ્ટી માટે 5 અધિકારીઓની વિશેષ ટીમ બનાવવાની જાહેરાત કરી છે. વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ ગંગાનગર, વેમાલી અને ગાયત્રીનગર જેવા વિસ્તારોમાં ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ અને રોડના પ્રશ્નો લાંબા સમયથી ઉકેલાયા ન હોવાની ફરિયાદ કરી હતી. તેમણે તંત્રની નિષ્ક્રિયતા સામે ખુલ્લેઆમ નારાજગી દર્શાવી હતી. સયાજીગંજના ધારાસભ્ય કેયુર રોકડિયાએ વડોદરાને ઝૂંપડપટ્ટી મુક્ત બનાવવા માટેના એક્શન પ્લાન પર ભાર મૂક્યો હતો અને આવાસ યોજનામાં ઝડપ લાવવા જણાવ્યું હતું. અકોટાના ધારાસભ્ય ચૈતન્ય દેસાઈએ શહેરના પશ્ચિમ વિસ્તારમાં થતા ટ્રાફિક જામ અને અધૂરી ડ્રેનેજ કામગીરીનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે આટલાદરાથી બાંકો તરફના રસ્તા પર થતા ટ્રાફિકને હળવો કરવા નાળાને પહોળું કરવાની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સૂચન કર્યું હતું. ધારાસભ્યોના સતત સવાલો અને રજૂઆતોએ પાલિકાના અધિકારીઓને દોડતા કરી દીધા હતા. આ બેઠકથી સ્પષ્ટ થયું છે કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ હવે જનતાના પ્રશ્ને કોઈ પણ બાંધછોડ કરવાના મૂડમાં નથી. હવે જોવાનું એ રહે છે કે આગામી દિવસોમાં આ રજૂઆતો પર પાલિકા તંત્ર કેટલી ઝડપે અમલવારી કરે છે.



**વડોદરા પાલિકાની સંકલન બેઠકમાં ધારાસભ્ય યોગેશ પટેલે અખાદ્ય ખોરાક મુદ્દે અધિકારીઓને ઘેર્યા. વાઘોડિયા MLA એ વ્યક્ત કરી નારાજગી.**

# વડોદરા: રોજનું 40 કરોડનું ટર્નઓવર છતાં હાથીખાના તરસ્યું!

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા મહાનગરપાલિકાના શાસકો હાથીખાના માર્કેટને માત્ર 'દૂઝણી ગાય' સમજી રહ્યા છે. શહેરના 5 હજારથી વધુ પ્રોવિઝન સ્ટોર્સ જે બજાર પર નિર્ભર છે, તે હાથીખાના આજે પાયાની સુવિધાઓ માટે ટળવળી રહ્યું છે. પાલિકાના ચોપડે ₹90 લાખનો વેરો જમા થાય છે, પણ જમીની હકીકત એ છે કે અહીં ગટરના નેટવર્ક કે પાણીની પાઈપલાઈનનું અસ્તિત્વ જ નથી. વેપારીઓ દર વર્ષે ₹45 લાખ ખર્ચીને ટેન્કરો દ્વારા પાણી મંગાવે છે. ચોંકાવનારો ખુલાસો તો એ થયો છે કે, રાજકીય આકાઓના ઈશારે આ બજારને તરસ્યું રાખવામાં આવે છે. કોર્પોરેટરોને ડર છે કે જો બજારને પાણી અપાશે તો તેમની વોટબેંકમાં પાણી ઓછું પડશે. આ કેવા પ્રકારની માનસિકતા છે? એક બાજુ 30 ટનના ટ્રકો માલ લઈને આવે છે અને બીજી બાજુ રસ્તા પરના દબાણોને કારણે અકસ્માતની સતત દહેશત રહે છે. વેપારીઓ પાર્કિંગ માટે અલાયદી જગ્યા માંગે છે, પણ તંત્રના કાન સુધી અવાજ પહોંચતો નથી. સફાઈ અને શિક્ષણ વેરાના નામે નાણાં ખંખેરતી પાલિકા કચરાગાડી મોકલવાની પણ તસ્દી લેતી નથી. શું વેપારીઓ માત્ર ટેક્સ ભરવા માટે જ છે? પાલિકાની આ ભેદભાવભરી નીતિ સામે હવે વેપારીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

**વડોદરા પાલિકાની લૂંટ જુઓ! હાથીખાના માર્કેટ પાસેથી વર્ષે ₹90 લાખનો વેરો વસૂલાય છે, પણ ગટર અને પાણીની લાઈન આપવાની તંત્રની દાનત નથી. રોજનું 40 કરોડનું ટર્નઓવર ધરાવતું બજાર આજે પણ વેચાતા પાણી પર નિર્ભર છે. શરમજનક!**

# વડોદરા: મહંત સ્વામી મહારાજનું ભવ્ય સ્વાગત, 10 હજાર ભક્તો ઉમટ્યા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના આટલાદરા સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે આજે ભક્તિ અને સમર્પણનો અનોખો મહોત્સવ જોવા મળ્યો હતો. ભગવાન સ્વામિનારાયણના છઠ્ઠા આધ્યાત્મિક અનુગામી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ચાર વર્ષના લાંબા અંતરાલ બાદ વડોદરા પધાર્યા હોવાથી તેમના સ્વાગત માટે હરિભક્તોમાં ભારે થનગનાટ હતો. રવિવારની આ વિશેષ સભામાં ૧૦ હજારથી વધુ ભક્તજનોએ શિસ્તબદ્ધ રીતે ભાગ લીધો હતો.
સામાન્ય રીતે મોટા ઉત્સવોમાં હજારોની સંખ્યા હોવાને કારણે દરેક ભક્ત માટે ગુરુને વ્યક્તિગત રીતે હાર પહેરાવવો કે થાળ અર્પણ કરવો શક્ય હોતો નથી. આ મર્યાદાને સમજીને બી.એ.પી.એસ.ના સંતોએ એક હૃદયસ્પર્શી આયોજન કર્યું હતું. સભામાં ઉપસ્થિત દરેક ભક્તને અગાઉથી જ પુષ્પમાળા અને પ્રસાદ લાવવાની સૂચના અપાઈ હતી. સભા દરમિયાન જ્યારે પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વાદ આપ્યા, ત્યારે ૧૦ હજાર ભક્તોએ પોતપોતાના સ્થાનેથી જ ગુરુને હાર અર્પણ કર્યા હતા. આ દૃશ્ય એટલું અવિસ્મરણીય હતું કે જાણે હજારો ભક્તોના હૃદય ગુરુના ચરણોમાં પુષ્પ બનીને વરસી રહ્યા હોય.
ભક્તોએ પોતાના હાથે બનાવેલા મનપસંદ વ્યંજનો પણ ગુરુહરિને ધરાવ્યા હતા, જેનાથી તેમને માનસિક પૂજા અને અર્પણની અપાર તૃપ્તિ મળી હતી. આ ભવ્ય સ્વાગત સભાનો ઉત્કર્ષ ત્યારે જોવા મળ્યો જ્યારે હજારો ભક્તોએ એકસાથે સમૂહ કીર્તન ગાયું અને સામૂહિક આરતી ઉતારી. મહંત સ્વામી મહારાજે પણ ભક્તોના આ અપાર સ્નેહ અને ઉમળકાને જોઈને પ્રસન્નતા વ્યક્ત કરી આશીર્વાદ પાઠવ્યા હતા. વડોદરામાં તેમના ૩૪ દિવસના રોકાણ દરમિયાન આ આટલાદરા મંદિર આધ્યાત્મિકતાનું કેન્દ્ર બની રહેશે. આજની આ સભાએ સાબિત કર્યું કે ગુરુ અને શિષ્યના સંબંધમાં ભૌતિક અંતર હોવા છતાં ભાવ અને શ્રદ્ધાથી દરેક અંતર મટી જાય છે.



# વડોદરા: ગર્લ્સ હોસ્ટેલ બહાર રોડ રોમિયોનો આતંક

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાની સંસ્કારિતાને લાંછન લગાડતી ઘટના MS યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલ બહાર બની છે. આ ઘટના માત્ર એક અશ્લીલ હરકત નથી, પરંતુ મહિલાઓની સુરક્ષા માટે કરવામાં આવતા પોકળ દાવાઓની પોલ ખોલે છે. એક યુવક જાહેર રસ્તા પર, હોસ્ટેલની બિલકુલ સામે બાઈક પર બેસીને પેન્ટની ઝીપ ખોલી વિકૃત ચેનચાળા કરે છે, જે દર્શાવે છે કે ગુનેગારોના મનમાં કાયદાનો કોઈ જ ડર રહ્યો નથી. વીડિયો વાયરલ કરનાર યુવતીએ સાચું જ કહ્યું કે, 'લોકોને એવું લાગે છે કે તમને કોઈ કંઈ નહીં કહે.'
સયાજીગંજ પોલીસનું એવું કહેવું કે 'ફરિયાદ આવી નથી' તે તેમની કામચોરી દર્શાવે છે. જ્યારે પુરાવા તરીકે વીડિયો સોશિયલ મીડિયા પર ઉપલબ્ધ છે, ત્યારે સુઓમોટો ગુનો નોંધી આરોપીને જેલના સળિયા પાછળ ધકેલવાને બદલે પોલીસ માત્ર શોધખોળની વાતો કરી રહી છે. હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થીનીઓ હવે ભયના ઓથાર નીચે જીવવા મજબૂર બની છે. ફતેગંજથી જમવાનું લઈને આવતી યુવતીઓ જો રસ્તા પર આવી વિકૃતિનો સામનો કરતી હોય, તો વડોદરા પોલીસની પેટ્રોલિંગ વ્યવસ્થા પર ગંભીર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકાય છે. શું કોઈ મોટી દુર્ઘટના બને ત્યારે જ પોલીસ જાગશે?

**સંસ્કારનગરી વડોદરામાં લુખ્ખા તત્વો બેફામ બન્યા છે. MS યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલ બહાર એક નરાધમે જાહેરમાં અશ્લીલ ચેનચાળા કરી મહિલા સુરક્ષાના લીરેલીરા ઉડાવ્યા છે. યુવતીઓએ હિંમત દાખવી વીડિયો વાયરલ કરતા પોલીસે હવે મોડે-મોડે તપાસ શરૂ કરી છે.**

# વડોદરા લૂંટ કેસ: 10 લાખની લૂંટમાં 2.71 કરોડ ક્યાંથી આવ્યા?

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં ગિફ્ટ શોપ ધરાવતા વૃદ્ધ વેપારી પાસેથી થયેલી લૂંટનો ભેદ ઉકેલાયો છે, પરંતુ લૂંટાયેલા મુદ્દામાલે સૌને ચોંકાવી દીધા છે. ગત 16 જાન્યુઆરીએ વારસિયા રિંગ રોડ પર વેપારીની આંખમાં મરચાની ભૂકી નાખી 10 લાખની લૂંટ ચલાવવામાં આવી હતી. આ કેસમાં કાર્યવાહી કરતા ક્રાઇમ બ્રાન્ચે વધુ 5 આરોપીઓને આણંદ અને વડોદરાથી ઝડપી પાડ્યા છે.
આરોપી હિરેન વસાવાની બેગમાંથી 20 અલગ-અલગ દેશોની 7808 નંગ ચલણી નોટો મળી આવી છે, જેની ભારતીય કિંમત આશરે ₹2.71 કરોડ થાય છે. લૂંટની ફરિયાદ માત્ર 10 લાખની હતી, ત્યારે કરોડોની વિદેશી કરન્સી મળતા રહસ્ય ઘેરાયું છે. પોલીસે લૂંટ માટે ટીપ આપનાર શના વાઘેલા સહિત અન્ય આરોપીઓ પાસેથી મોબાઈલ અને વાહનો પણ જપ્ત કર્યા છે. હવે સવાલ એ ઉઠ્યો છે કે શું વેપારીએ રકમ છુપાવી હતી કે લૂંટારુઓએ કોઈ અન્ય જગ્યાએ પણ લૂંટ ચલાવી હતી? ક્રાઇમ બ્રાન્ચ હવે આ મામલે વેપારીની પણ પૂછપરછ કરશે.

# મકરપુરા મર્ડર કેસ: 3 આરોપી જેલભેગા, અન્ય હજુ ફરાર

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં 'થર્ટી ફર્સ્ટ'ની નશીલી પાર્ટીની આડઅસર ૧૭ દિવસ બાદ પોલીસ સ્ટેશનમાં જોવા મળી છે. માણેજા વિસ્તારમાં રહેતી બે બહેનપણીઓ વચ્ચે બોયફ્રેન્ડના એક ફોન કોલને કારણે મિત્રતામાં તિરાડ પડી છે. ખાનપુરમાં દારૂની મેજબાની માણી ઘરે પરત ફરેલી યુવતીઓ પૈકી એકે જ્યારે બીજીનો ફોન ઉપાડી તેના અંગત સંબંધોમાં ઝેર ઘોળવાનો પ્રયાસ કર્યો, ત્યારે મામલો ગંભીર બન્યો હતો. સહેલીએ બોયફ્રેન્ડને એવું કહી દીધું કે તેની ગર્લફ્રેન્ડનું પાર્ટીમાં કોઈ અન્ય યુવક સાથે અફેર ચાલ્યું છે. આ સાંભળી રોષે ભરાયેલી યુવતીએ જ્યારે વળતો જવાબ આપ્યો કે 'તું પોતે લફડાં કરે છે અને મને શીખવાડે છે', ત્યારે વાત મારામારી સુધી પહોંચી હતી. સહેલીએ બેફામ ગાળો આપી યુવતીને ઇજા પહોંચાડી ઘરની બહાર હાંકી કાઢી હતી. ૮ જાન્યુઆરીએ આપેલી અરજી બાદ સમાધાનની કોશિશ નિષ્ફળ રહેતા આખરે મકરપુરા પોલીસે ગુનો નોંધ્યો છે. આ કેસમાં એક કાયદાકીય વળાંક એ આવ્યો છે કે બંને યુવતીઓએ પોતે દારૂ પીધો હોવાની કબૂલાત કરી છે, છતાં પોલીસ તેમની સામે પ્રોહિબિશનનો કેસ કરી શકી નથી. કારણ કે તબીબી વિજ્ઞાન મુજબ આટલા દિવસો બાદ લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ મળવું અશક્ય છે. આમ, દારૂ પીધો હોવા છતાં પુરાવાના અભાવે બંને બચી ગઈ છે, પરંતુ મિત્રતા અને ભરોસાનો અંત આવ્યો છે.

# હરણી બોટકાંડ: પીડિત વાલીઓનો ₹16.61 કરોડનો દાવો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં બે વર્ષ અગાઉ સર્જાયેલા કરુણ હરણી બોટકાંડની યાદો આજે પણ તાજી છે. આ દુર્ઘટનામાં પોતાના સંતાનો ગુમાવનાર ૧૧ વાલીઓએ હવે ન્યૂ સનરાઈઝ સ્કૂલ વિરુદ્ધ ગ્રાહક કોર્ટમાં જંગ છેડ્યો છે. વાલીઓએ વિદ્યાર્થી દીઠ ₹૧.૫૧ કરોડ લેખે કુલ ₹૧૬.૬૧ કરોડના વળતરની માંગ કરી છે. આક્ષેપ છે કે શાળાએ ₹૭૫૦ ફી ઉઘરાવીને કોઈપણ મંજૂરી વિના બાળકોને મોતના મુખમાં ધકેલ્યા હતા.
રવિવારે દુર્ઘટનાની બીજી વરસીએ હરણી લેકઝોન ખાતે હૃદયદ્રાવક દૃશ્યો સર્જાયા હતા. પીડિત પરિવારોએ શ્રદ્ધાંજલિ અર્પી તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. કોંગ્રેસના આગેવાનોની હાજરીમાં વાલીઓએ આક્ષેપ કર્યો હતો કે સરકારે 'ચમરબંધી'ને છોડવાની વાત કરી હતી, પરંતુ આજે પણ મુખ્ય આરોપીઓ ખુલ્લેઆમ ફરી રહ્યા છે. પીડિત માતાઓએ મુખ્યમંત્રીના વડોદરા પ્રવાસના સંદર્ભમાં પોતાની વેદના વ્યક્ત કરતા કહ્યું હતું કે સરકાર પીડિતોનો સામનો કરવાથી ડરી રહી છે.

# વડોદરા: સિરપ પીધા પછી 5 વર્ષની બાળકીનું મોત, માસીના ગંભીર આક્ષેપ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં પાંચ વર્ષની માસૂમ ધ્યાની ઠક્કરનું રહસ્યમય મોત એ આપણા સમાજ અને વહીવટી તંત્ર માટે કલંક સમાન છે. જે બાળકીએ પહેલેથી જ પોતાના માતા-પિતા ગુમાવી દીધા હતા, તેને નસીબે ફરી એકવાર છેતરી છે – આ વખતે કથિત રીતે એક દવાની શીશીના માધ્યમથી. સામાન્ય શરદી-ખાંસીમાં મેડિકલ સ્ટોર પરથી લાવેલી સિરપ પીવડાવવી એ કોઈપણ મધ્યમવર્ગીય પરિવાર માટે સામાન્ય બાબત છે, પણ આ દવા ધ્યાની માટે કાળ સાબિત થઈ. પરિવારના આક્ષેપો અત્યંત ગંભીર છે; જો સિરપ પીધા બાદ તરત જ બાળકીની તબિયત લથડી હોય, તો તે દવાની ગુણવત્તા અને તેમાં રહેલા કેમિકલ્સ પર શંકાની સોય તાકે છે. શું આ દવા મંજૂર થયેલી હતી? શું મેડિકલ સ્ટોર પાસે તે વેચવાની લાયકાત હતી? આવા અનેક સવાલો અત્યારે હવામાં તરી રહ્યા છે. બાળકીના માસીના આક્રંદે આખા વડોદરાને હચમચાવી નાખ્યું છે, પરંતુ પોલીસ અને ડ્રગ કંટ્રોલ વિભાગ હજુ પણ પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોઈને હાથ પર હાથ ધરીને બેઠા છે.
એસીપી આર.ડી. કવાએ હોસ્પિટલની મુલાકાત લઈને પરિવારને આશ્વાસન આપ્યું છે, પરંતુ આશ્વાસનથી ધ્યાની પાછી નહીં આવે. જરૂર છે એવા કડક પગલાંની જે મેડિકલ સ્ટોર્સ પર થતી આવી જીવલેણ બેદરકારીઓને અટકાવે. ઘણીવાર નફાખોરીના લોભમાં સસ્તી કે નકલી દવાઓ બજારમાં ઘુસાડવામાં આવે છે, જેનો ભોગ ધ્યાની જેવા નિર્દોષ બાળકો બને છે. જો આ મામલે યોગ્ય એફઆઈઆર નોંધીને મેડિકલ સ્ટોરના માલિકની પૂછપરછ કરવામાં નહીં આવે, તો માનવું પડશે કે વડોદરાનું તંત્ર ભ્રષ્ટાચારના કાદવમાં ખૂંપેલું છે. દૈનિક પલ્સ સમાચાર માંગ કરે છે કે આ કેસમાં તટસ્થ તપાસ થાય અને જવાબદારોને ફાંસીના માંચડા સુધી પહોંચાડવામાં આવે.



**વડોદરામાં કાયદો અને આરોગ્ય તંત્રની ઘોર બેદરકારીનો ભોગ એક 5 વર્ષની માસૂમ બાળકી બની છે. મેડિકલ સ્ટોરમાંથી લાવેલી શરદીની સિરપ પીધા બાદ તબિયત લથડતા બાળકીનું કરુણ મોત નીપજ્યું છે. શું હવે દવાઓ પણ મોતનું સાધન બની રહી છે?**

# વડોદરા: ગટરના ખુલ્લા હોલ, પાલિકાની ઘોર બેદરકારી



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા સ્માર્ટ સિટી છે કે 'મોતની સિટી'? માંજલપુરમાં ગટરમાં પડવાથી થયેલા મોત બાદ પણ પાલિકાના અધિકારીઓ સુધરવા તૈયાર નથી. જેલ રોડ પર ૪ દિવસથી ગટરનું ઢાંકણું ગાયબ હતું, જે સીસીટીવી મુજબ બે મજૂરો ચોરી ગયા હતા. તંત્રની ઘોર બેદરકારી સામે કાઉન્સિલર જાગૃતિ કાકાએ જાતે મોપેડ પર પોલીસ બેરિકેડ લાવીને ત્યાં મૂકવું પડ્યું. શું પાલિકાના એન્જિનિયરો માત્ર એસી કેબિનમાં બેસીને જનતાના ટેક્સના પૈસે પગાર લેવા માટે જ છે?

# વડોદરા: સુભાનપુરામાં ધોળા દિવસે સોનાની ચેઈન લૂંટાઈ



**દૈનિક પલ્સ સમાચાર:** સંસ્કારનગરી વડોદરા હવે 'ગુનાનગરી' બની રહી હોય તેમ લાગે છે. સુભાનપુરા હાઈટેન્શન રોડ પર ધોળા દિવસે એક મહિલાના ગળામાંથી સોનાની ચેઈન આંચકી લેવામાં આવી. વારસિયામાં ૧૦ લાખની લૂંટની શાહી હજુ સુકાઈ નથી ત્યાં વધુ એક સરેઆમ લૂંટની ઘટનાએ સાબિત કર્યું છે કે વડોદરા પોલીસનું પેટ્રોલીંગ માત્ર કાગળ પર જ છે. પોલીસ માત્ર સીસીટીવી ફૂટેજ તપાસવાના દાવા કરે છે, પરંતુ ગુનેગારો પોલીસના નાક નીચેથી રફુચક્કર થઈ રહ્યા છે.

# વિઝા ફ્રોડ: વડોદરામાં વિદેશ મોકલવાના નામે છેતરપિંડી




**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના માંજલપુરમાં પાડોશી જ લૂંટારો નીકળ્યો છે! વિઝા એજન્ટ મિલીન પટેલે પાડોશી અમિતકુમાર પટેલના પુત્ર અને ભાણેજને પોલેન્ડના વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને ₹7.75 લાખ પડાવી લીધા. જ્યારે વિઝા ન મળ્યા અને પૈસા પાછા માંગ્યા, ત્યારે આરોપીએ ફ્રીઝ થયેલા એકાઉન્ટનો ચેક આપી વેપારીને રઝળતા કરી દીધા. શું હવે લોકોએ પાડોશીઓ પર પણ ભરોસો ન કરવો? તંત્રની નાક નીચે આવા ઠગ એજન્ટો બેફામ બન્યા છે.

## જૂનાગઢમાં અંધશ્રદ્ધાનો આતંક: ઠાઠડીએ બાંધી પ્રાઈવેટ પાર્ટ પર ડામ

### જૂનાગઢ: ₹તાંત્રિક વિધિના નામે નબીરાનો અમાનવીય અત્યાચાર

**દૈનિક પલ્સ સમાચાર:** જૂનાગઢના દાતાર રોડ પર આવેલી આ ઘટનાએ માનવતાની તમામ સીમાઓ ઓળંગી દીધી છે. એક શખ્સે અંધશ્રદ્ધાના અંધારામાં ડૂબીને જે રીતે 45 વર્ષીય વ્યક્તિ પર અમાનવીય અત્યાચાર ગુજાર્યો છે, તે સાબિત કરે છે કે સમાજમાં આજે પણ તાંત્રિક વિધિના નામે કેવો ભયાનક ખેલ ખેલાય છે. આરોપી સાગર ચૌહાણે ભોગ બનનારને વિશ્વાસમાં લઈ, અવાવરુ રસ્તે છરીની અણીએ અપહરણ કર્યું અને નશાકારક વસ્તુ સુંઘાડી બેભાન કરી દીધા. બીજા દિવસે જ્યારે પીડિત ભાનમાં આવ્યા ત્યારે તેમની હાલત જોઈને પથ્થર દિલના માણસની આંખમાં પણ પાણી આવી જાય તેવી હતી. તેમને ઠાઠડીએ બાંધી, નિર્વસ્ત્ર કરી, માથાના વાળ ખેંચી કાઢ્યા અને પ્રાઈવેટ પાર્ટ પર ગરમ ડામ આપ્યા હતા.

આ ઘટના પોલીસ તંત્રની નિષ્ક્રિયતા અથવા ગુનેગારોમાં ઘટેલા પોલીસના ડરની સાક્ષી પૂરે છે. ગુનો આચર્યા બાદ આરોપી પીડિતના ઘરે જઈ ખુલ્લેઆમ લોખંડના પાઈપો ઉલાળે છે અને પરિવારને ધમકાવે છે, જે દર્શાવે છે કે તેને સજાનો કોઈ જ ખોફ નથી. પરિવારજનોએ હિંમત બતાવી આ સમગ્ર કરતૂત મોબાઈલમાં કેદ કરી ન હોત તો કદાચ આ મામલો આટલો જલ્દી બહાર પણ ન આવત.

જૂનાગઢ એ-ડિવિઝન પોલીસે આરોપી સાગરને ઝડપી તો લીધો છે, પરંતુ સવાલ એ ઉભો થાય છે કે શું આટલી ક્રૂરતા કરનાર વ્યક્તિ પાછળ કોઈ મોટું તાંત્રિક નેટવર્ક કામ કરી રહ્યું છે? પોલીસ હવે હત્યાની કોશિશ અને અપહરણ જેવી ગંભીર કલમો હેઠળ તપાસ કરી રહી છે. દૈનિક પલ્સ સમાચાર માંગ કરે છે કે આવા નરાધમને એવી કડક સજા મળવી જોઈએ કે બીજી વાર કોઈ અંધશ્રદ્ધાના નામે કોઈની જિંદગી સાથે રમત રમવાની હિંમત ન કરે. શું તંત્ર આ કેસને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવી પીડિતને ન્યાય અપાવશે?



**જૂનાગઢમાં અંધશ્રદ્ધાના નામે 45 વર્ષીય પુરુષને ઠાઠડીએ બાંધી પ્રાઈવેટ પાર્ટ પર ડામ અપાયા. પોલીસે આરોપી સાગર ચૌહાણને દબોચ્યો.**

## ઘેડ વિસ્તારનો વિકાસ ફાઈલોમાં અટવાયો, ખેડૂતોમાં ભારે રોષ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત સરકારની જાહેરાત અને અમલીકરણ વચ્ચે કેટલું મોટું અંતર હોય છે, તેનું વરવું ઉદાહરણ ઘેડ વિસ્તારનું ₹1800 કરોડનું પેકેજ છે. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને રાજ્યના મંત્રીઓએ આ યોજનાને ઘેડ માટે જીવાદોરી ગણાવી હતી, પણ એક વર્ષ બાદ ખેડૂતોના હાથમાં માત્ર નિરાશા છે. વહીવટી મંજૂરીના ચક્રોમાં અટવાયેલો આ પ્રોજેક્ટ તંત્રની ઘોર બેદરકારી અને આયોજનના અભાવને છતો કરે છે. ખેડૂતો પૂછી રહ્યા છે કે જો કામ શિયાળામાં ન થાય તો શું વરસાદમાં ખાડા ખોદીને ભ્રષ્ટાચારના બિલો બનાવવાની યોજના છે? કેશોદ, માંગરોળ અને માણાવદરના ગામોમાં નદીઓના વેણ બદલાવાને કારણે ફળદ્રુપ જમીન રણ બની રહી છે. ભારતીય કિસાન સંઘનો આક્ષેપ છે કે નદી સફાઈ માત્ર કાગળ પરની કવાયત છે. દર વર્ષે ફાળવાતા કરોડો રૂપિયા ક્યાં જાય છે? સિંચાઈ વિભાગના કાર્યપાલક ઇજનેર ભલે જૂન મહિનામાં કામ પૂર્ણ કરવાનો દાવો કરે, પણ હકીકતમાં ખેડૂતોના ખેતરમાં હજુ પણ પાણી ભરાયેલા છે અને સર્વેના નામે મીંડું છે. જો આ વર્ષે પણ ચોમાસા પહેલા પ્રોટેક્શન વોલ અને ડીપનિંગની કામગીરી નહીં થાય, તો હજારો ખેડૂત પરિવારો આત્મહત્યા કરવા મજબૂર બનશે. આ વિકાસ નથી, પણ વિકાસના નામે ખેડૂતોની ક્રૂર મજાક છે.



## આમલેથા ગ્રામસભા: હાઈ-સ્પીડ કોરિડોર માટે જમીન આપવા મનાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત સરકારના કહેવાતા 'વાઈબ્રન્ટ' વિકાસની પાછળ ખેડૂતોની પાયમાલીનું કયું સત્ય છુપાયેલું છે, તેનો પડઘો નાંદોદના આમલેથા ગામે યોજાયેલી ગ્રામસભામાં સ્પષ્ટ સંભળાયો છે. કેવડિયાને જોડતા સિક્સ લેન હાઈ-સ્પીડ કોરિડોર માટે જમીન સંપાદન કરવાની તંત્રની દરખાસ્ત સામે ખેડૂતોએ યુદ્ધ છેડ્યું છે. તાલુકા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં મળેલી આ સભામાં ગ્રામજનોએ લોકતાંત્રિક રીતે સરકારના 7 જેટલા જમીન સંપાદનના ઠરાવોને સર્વાનુમતે ફગાવી દીધા છે. આ ઘટના સાબિત કરે છે કે હવે ખેડૂત જાગ્યો છે અને તે પોતાની જમીનને વિકાસના નામે બલિદાન નહીં આપવા દે.

મુકેશ વસાવા અને અન્ય સ્થાનિક અગ્રણીઓએ સરકારની દાનત સામે સવાલોના તીર છોડ્યા છે. સવાલ એ છે કે જો હાલનો રસ્તો પહોળો કરી શકાય તેમ છે, તો પછી નવો ચીલો પાડી ખેડૂતોની કિંમતી જમીન હડપવાનો હઠાગ્રહ શા માટે? શું સરકારી તંત્ર માત્ર કોન્ટ્રાક્ટરો અને ઉદ્યોગપતિઓના ખિસ્સા ભરવા માટે ખેડૂતોને તેમની પૂર્વજોની જમીન પરથી બેદખલ કરવા માંગે છે? કરોડોના ખર્ચે બનેલો જૂનો રસ્તો હજુ અધૂરો હોવા છતાં, સરકાર નવા રસ્તાના સપના વેચી રહી છે તે બાબત જ શંકાસ્પદ છે. ગ્રામજનોએ દલીલ કરી છે કે આમલેથામાં એટલો ટ્રાફિક જ નથી કે આવા હાઈ-સ્પીડ કોરિડોરની જરૂર પડે. ઉલટું, ગામમાં બંધ કરાયેલી રેલવે લાઈન ફરી ચાલુ કરવામાં આવે તો સામાન્ય પ્રજાને ખરા અર્થમાં ફાયદો થાય. પરંતુ સરકારને જનસુવિધામાં નહીં, પણ જમીન સંપાદન કરીને કોર્પોરેટ જગતને લાલ જાજમ બિછાવવામાં વધુ રસ હોય તેમ જણાય છે. આમલેથાના ખેડૂતોએ આજે જે નીડરતા બતાવી છે, તે આગામી સમયમાં જમીન સંપાદન સામેના આંદોલનની મશાલ બની શકે છે. તંત્રએ હવે સમજવું પડશે કે ખેડૂતની સંમતિ વગર કરવામાં આવતો વિકાસ એ વિકાસ નથી પણ વિનાશ છે.



**નાંદોદના આમલેથામાં ગ્રામસભાએ કેવડિયા કોરિડોર માટે જમીન સંપાદનના પ્રસ્તાવને ફગાવ્યો. ખેડૂતોએ સરકારની નીતિ સામે વિરોધ નોંધાવ્યો.**

## ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા માટે વહીવટી તંત્ર સજ્જ

**દૈનિક પલ્સ સમાચાર:** નર્મદા જિલ્લા વહીવટી તંત્ર 'સેવા અને સુરક્ષા'ના મંત્ર સાથે લાખો શ્રદ્ધાળુઓની આસ્થા સમાન ઉત્તરવાહિની નર્મદા પરિક્રમાના સુચારુ આયોજન માટે સક્રિય થયું છે. જિલ્લા વિકાસ અધિકારી આર.વી. વાળાએ આજે પરિક્રમાના મુખ્ય પ્રસ્થાન સ્થળ એવા રામપુરા ઘાટનું ક્ષેત્રીય નિરીક્ષણ કર્યું હતું. દર વર્ષે ચૈત્ર માસમાં યોજાતી આ પંચકોશી પરિક્રમામાં ગુજરાત સહિત દેશભરમાંથી લાખો ભક્તો ઉમટી પડે છે, જેને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા અત્યારથી જ આયોજનની રૂપરેખા તૈયાર કરી દેવામાં આવી છે. DDO વાળાએ જણાવ્યું કે, શ્રદ્ધાળુઓને પરિક્રમાના માર્ગ પર કોઈ પણ પ્રકારની અગવડ ન પડે તે માટે લાઈટિંગ, પીવાનું પાણી, આરોગ્ય કેન્દ્રો અને ડોમની વિશેષ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવશે. ઘાટો પર સુરક્ષા માટે ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમો તૈનાત રહેશે. સ્વચ્છતા અભિયાન હેઠળ સમગ્ર રૂટને નિર્મળ રાખવા માટે પણ સૂચનાઓ અપાઈ છે. વહીવટી તંત્રના આ સકારાત્મક અભિગમથી શ્રદ્ધાળુઓ શાંતિપૂર્ણ માહોલમાં ધાર્મિક પરંપરાનો લ્હાવો લઈ શકશે.



## ચિત્રાખાડીમાં દીપડાનો હુમલો: પશુપાલકોમાં ભારે ફફડાટ

**દૈનિક પલ્સ સમાચાર:** નર્મદા જિલ્લાના તિલકવાડા પંથકમાં વન્ય પ્રાણીઓના રહેણાંક વિસ્તારોમાં પ્રવેશની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી રહી છે. ચિત્રાખાડી ગામે આજે વહેલી સવારે 6 વાગ્યાની આસપાસ એક દીપડાએ પશુપાલકના વાડામાં ઘૂસીને બાંધેલા ભેંસના બચ્ચા પર હિચકારો હુમલો કર્યો હતો. દીપડાએ પશુના ગળા અને શરીરના પાછળના ભાગે ઊંડા ઘા કર્યા હતા, જેના લીધે નિર્દોષ પશુનું કરુણ મોત નીપજ્યું હતું. દીપડો શિકારને જંગલ તરફ ખેંચી જવાની કોશિશ કરતો હતો, પરંતુ બચ્ચું બાંધેલું હોવાથી તે ફાવ્યો નહોતો અને ભાગી છૂટ્યો હતો.

આ ઘટના બાદ ચિત્રાખાડી સહિતના આજુબાજુના ગામોમાં ભયની લહેર દોડી ગઈ છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, દીપડો અવારનવાર સીમમાં અને ગામની ભાગોળે દેખાય છે, જેના કારણે ખેડૂતોને રાત્રિના સમયે ખેતરે જવામાં પણ ડર લાગે છે. પશુપાલકોને પોતાના પશુધનની સુરક્ષાની ચિંતા સતાવી રહી છે. સ્થાનિક રહીશોએ વન વિભાગને આ અંગે જાણ કરી તાત્કાલિક પાંજરું મૂકવા માટે રજૂઆત કરી છે. જો દીપડાને વહેલી તકે પકડવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં તે માણસો પર પણ હુમલો કરી શકે તેવી ભીતિ ગ્રામજનો સેવી રહ્યા છે. વન વિભાગ હવે આ મામલે ક્યારે પાંજરું ગોઠવશે તે જોવું રહ્યું.



## ગોધરા: ખરસાલીયા બ્રિજનું કામ આફત બન્યું, ધૂળ અને ખાડાથી જનતા ત્રસ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** ગોધરાના ખરસાલીયા રેલવે ઓવરબ્રિજનું નિર્માણ કાર્ય અત્યારે ભ્રષ્ટાચાર અને બેદરકારીની ચાડી ખાઈ રહ્યું છે. વિકાસના જે પ્રોજેક્ટ્સ જનતાની સુવિધા માટે હોય છે, તે જ પ્રોજેક્ટ્સ અહીં લોકોના જીવનું જોખમ વધારી રહ્યા છે. વેજલપુરથી ટુવા જવાના માર્ગ પર ઓવરબ્રિજની ધીમી ગતિએ ચાલતી કામગીરી વચ્ચે જે ડાયવર્ઝન રોડ આપવામાં આવ્યો છે, તેની હાલત જોતા એમ લાગે છે કે આપણે કોઈ પથ્થર યુગમાં જીવી રહ્યા છીએ. આ રસ્તો ખાડાઓથી ખદબદે છે અને ધૂળની ડમરીઓ જાણે વાયુ પ્રદૂષણનું કેન્દ્ર બની હોય તેમ રાહદારીઓના આરોગ્ય સાથે ચેડા કરી રહી છે.

નિયમો મુજબ, જ્યાં સુધી મુખ્ય બ્રિજ તૈયાર ન થાય ત્યાં સુધી ડાયવર્ઝન રોડને ચાલુ હાલતમાં રાખવો અને સમયાંતરે તેનું સમારકામ કરવું તે કોન્ટ્રાક્ટરના કામનો જ એક અવિભાજ્ય ભાગ છે. રસ્તા પર મોટા ખાડા પડે તો તેમાં મેટલ નાખી પેચવર્ક કરવું જોઈએ જેથી ટુ-વ્હીલર અને રિક્ષા જેવા નાના વાહનોને નુકસાન ન થાય. પરંતુ ખરસાલીયામાં સ્થિતિ ઉલ્ટી છે. કોન્ટ્રાક્ટરની ઉદાસીનતાને કારણે વાહનો ખાડામાં ખાબકે છે અને ધૂળને કારણે સામેથી આવતું વાહન દેખાતું નથી, જેનાથી અકસ્માતો રોજિંદી ઘટના બની ગઈ છે.

સૌથી મોટો સવાલ એ છે કે માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ કેમ મૌન સેવી રહ્યા છે? શું તેમને આ રસ્તાની દુર્દશા દેખાતી નથી? કે પછી કોન્ટ્રાક્ટરને આવા કંગાળ કામ કરવાની મંજૂરી અપાઈ છે? ડાયવર્ઝન પાસે નથી કોઈ રેડિયમ બોર્ડ કે નથી રાત્રે લાઈટિંગની વ્યવસ્થા. જનતા માત્ર 'વિકાસ' ના નામે બધું જ સહન કરે તેવી અપેક્ષા રાખવી તે તંત્રની ભ્રમણા છે. જો સત્વરે પેચવર્ક કરી રસ્તો વ્યવસ્થિત કરવામાં નહીં આવે, તો આ રસ્તો ગમે ત્યારે કોઈનો ભોગ લેશે તે નક્કી છે. દૈનિક પલ્સ સમાચાર આ મામલે જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ કરે છે.



**ગોધરાના ખરસાલીયામાં ઓવરબ્રિજની કામગીરી વચ્ચે બિસ્માર ડાયવર્ઝન રોડ. ખાડા અને ધૂળની ડમરીઓને કારણે અકસ્માતનો ભય.**

## બાલાસીનોર: ₹97 લાખનો દારૂ ઝડપાયો, LCBની મોટી કાર્યવાહી

**દૈનિક પલ્સ સમાચાર:** "દારૂબંધી" શબ્દ ગુજરાતમાં હવે હાસ્યાસ્પદ બની રહ્યો છે, જેનો તાજો પુરાવો મહીસાગર LCBની આ કાર્યવાહી છે. બાલાસીનોર નજીક સબરસ હોટલ પાસે વોચ ગોઠવી પોલીસે એક કરોડથી વધુની કિંમતનો દારૂ ઝડપ્યો. અશોક લેલેન્ડ ટ્રકમાં ઘાસના ભૂસાના મીણીયા થેલાઓની પાછળ 14,688 બોટલો અત્યંત ચતુરાઈથી છુપાવવામાં આવી હતી. પોલીસના મતે આ મોટી સફળતા છે, પણ જનતા પૂછી રહી છે કે ઇન્દોરથી નીકળેલો આ ટ્રક મહીસાગર સુધી પહોંચ્યો ત્યાં સુધી રસ્તામાં આવતી ડઝનબંધ પોલીસ ચોકીઓ શું ઉંઘી રહી હતી?

આ કાર્યવાહીમાં પકડાયેલ આરોપી શકીલખાન તો માત્ર એક પ્યાદું છે. દારૂની કિંમત જ 97 લાખથી વધુ છે, જે દર્શાવે છે કે આ કોઈ નાનું ઓપરેશન નથી. એસપી સફીન હસન અને DySP કમલેશ વસાવા તપાસની વાતો કરી રહ્યા છે, પરંતુ ગુજરાતમાં દારૂ ઘુસાડવા માટે ભૂસા કે શાકભાજીની આડ લેવી એ હવે બુટલેગરો માટે સામાન્ય બની ગયું છે. પ્રોહિબિશનના કાયદાનો ભંગ કરનાર સામે કડક કાર્યવાહીના બણગા ફૂંકતું તંત્ર મૂળ સુધી ક્યારે પહોંચશે? શું પોલીસ માત્ર ડ્રાઈવરને પકડીને સંતોષ માનશે કે પછી આ કૌભાંડના મુખ્ય સૂત્રધારો સુધી પહોંચવાની હિંમત બતાવશે? ગુજરાતની સરહદો જો આટલી છીંડાવાળી હોય, તો દારૂબંધીનો અર્થ જ શું રહે છે?



## લુણાવાડા: કેનાલ ગળી ગયા ભૂ-માફિયા, મંત્રીએ આપ્યું અલ્ટીમેટમ

**દૈનિક પલ્સ સમાચાર**: લુણાવાડાની કોલિયા માઇનોર કેનાલ પર ભૂ-માફિયાઓએ જમાવેલો અડીંગો અને સિંચાઈ વિભાગની સક્રિય નિષ્ક્રિયતા અત્યારે મહીસાગર જિલ્લામાં ચર્ચાનો વિષય બની છે. રાજ્યના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરભાઈ પટેલે જ્યારે સમીક્ષા બેઠકમાં અધિકારીઓનો ઉધડો લીધો, ત્યારે કેનાલ પરના દબાણોનું ભયાનક સત્ય સામે આવ્યું. મંત્રીએ કડાણા સિંચાઇ વિભાગને કોલીયા માઇનોર કેનાલ પરના દબાણો ૧૫ દિવસમાં સદંતર દૂર કરી તેનો રિપોર્ટ રજૂ કરવા તાકીદ કરી છે. આ આદેશથી વિભાગના એસી ઓફિસોમાં બેઠેલા અધિકારીઓમાં હડકંપ મચ્યો છે. હકીકત એ છે કે છેલ્લા પાંચ વર્ષમાં ૨ કિલોમીટર લાંબી આ કેનાલ પર આલિશાન મકાનો, વિશાળ શોપિંગ સેન્ટરો અને પાકા ડામરના રસ્તાઓ બનાવી દેવામાં આવ્યા છે. સિંચાઈ વિભાગના અધિકારીઓ આ બધું જ જાણતા હોવા છતાં માત્ર કાગળ પરની 'નોટિસ-નોટિસ'ની રમત રમીને સમય પસાર કરતા રહ્યા. સાત મહિના પહેલા ખેડૂતોના ઉગ્ર વિરોધને શાંત કરવા તંત્રએ જેસીબી તો ફેરવ્યું, પણ તે માત્ર દેખાડો જ હતો. જે અધિકારીઓએ સોસાયટીઓ અને શોપિંગ સેન્ટરના રસ્તાઓ મૂળ સ્થિતિમાં રાખ્યા, તેમની દાનત પર અનેક સવાલો ઉઠી રહ્યા છે. પરિસ્થિતિ એવી છે કે કેનાલના બેડ પર જ પાકું બાંધકામ કરી દેવાતા કેનાલ જાણે નકશામાંથી લુપ્ત થઈ ગઈ હોય તેમ તેને જમીનદોસ્ત કરી દેવામાં આવી છે. ખેડૂતોની સતત રજૂઆતો બાદ મંત્રીએ લીધેલું આ કડક વલણ સ્વાગતયોગ્ય છે, પરંતુ પ્રશ્ન એ છે કે શું કડાણા સિંચાઈ વિભાગ મંત્રીના આદેશને ગંભીરતાથી લેશે? પક્ષપાતી નીતિને કારણે અત્યાર સુધી મોટા ગુંડાઓ અને ભૂ-માફિયાઓ બચી રહ્યા છે. જો ૧૫ દિવસમાં આ મામલે લેખિત રિપોર્ટ અને નક્કર કામગીરી નહીં થાય, તો સાબિત થશે કે સિંચાઈ વિભાગની મિલીભગત મંત્રીના પાવર કરતા પણ વધુ મજબૂત છે. શું આ વખતે કેનાલને ભૂ-માફિયાઓના પંજામાંથી આઝાદ કરવામાં આવશે કે પછી ફરી એકવાર તંત્ર માત્ર નાના માથાઓ પર ગાજ વરસાવી સંતોષ માનશે?

**લુણાવાડાની કોલિયા માઇનોર કેનાલ પર ભૂ-માફિયાઓના કબ્જા સામે અંતે મંત્રી ઈશ્વરભાઈ પટેલે લાલ આંખ કરી છે. 15 દિવસમાં દબાણો દૂર કરી રિપોર્ટ સોંપવા આદેશ અપાતા અત્યાર સુધી 'નોટિસ-નોટિસ'ની રમત રમતા સિંચાઈ વિભાગના ભ્રષ્ટ અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.**

# AMC કૌભાંડ: ખોટા સર્ટિફિકેટ અને લાખોની ઉચાપત, કૌભાંડીઓ બેફામ

## AMC માં નકલી સર્ટિફિકેટ કૌભાંડ: નોકરી માટે છેતરપિંડી

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) માં નૈતિકતા અને પ્રામાણિકતાનું જાણે વહન થઈ ગયું છે. એક બાદ એક ખુલતા છેતરપિંડીના કિસ્સાઓ તંત્રની સડેલી વ્યવસ્થાને ખુલ્લી પાડી રહ્યા છે. જે કર્મચારીઓએ ખોટા જન્મ પ્રમાણપત્રો અને બોગસ અનફિટ સર્ટિફિકેટ રજૂ કરીને નોકરીઓ હડપી લીધી હતી, તેઓ હવે અપીલ સબ-કમિટી સમક્ષ 'દયા'ની આજીજી કરીને ફરી નોકરીમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ પરિસ્થિતિ જનતાના ટેક્સના પૈસા પર થતા અત્યાચાર સમાન છે.

થલતેજ અને નારણપુરા વોર્ડના કિસ્સાઓ પર નજર કરીએ તો, આત્મારામ વાઘેલાએ પોતાની પત્નીને નોકરી અપાવવા 'અનફિટ' હોવાનું નાટક કરી નકલી સર્ટિફિકેટ રજૂ કર્યું અને પોતે પણ વારસાઈ હેઠળ નોકરી મેળવી. બીજી તરફ, ગંગાબેન નામની મહિલાએ વર્ષો સુધી નોકરી ખેંચવા માટે જન્મ તારીખમાં ચેડા કર્યા. આ બધું ત્યારે શક્ય બન્યું જ્યારે SSI અને ચેકિંગ કરનારા અધિકારીઓએ આંખ આડા કાન કર્યા. શું આવા અધિકારીઓ સામે કોઈ ફોજદારી કાર્યવાહી થશે?

આર્થિક ઉચાપતનો કિસ્સો તો વધુ ગંભીર છે. સોલિડ વેસ્ટ વિભાગના અબ્દુલ લતીફ શેખે વહીવટી ચાર્જની રસીદો ફાડીને 10.87 લાખ રૂપિયા કોર્પોરેશનમાં જમા જ ન કરાવ્યા અને તે રકમ અંગત ઉપયોગ માટે વાપરી નાખી. 2022 માં જેનો ગુનો પુરવાર થયો હોય, તે કર્મચારી હવે કયા મોઢે નોકરી પરત માંગી રહ્યો છે? આવતીકાલે યોજાનારી અપીલ સબ-કમિટીની બેઠક અગ્નિપરીક્ષા સમાન છે. જો કમિટી આવા ભ્રષ્ટ અને છેતરપિંડી કરનારા તત્વોને ફરી નોકરી પર રાખશે, તો તે પ્રામાણિક કર્મચારીઓનું અપમાન અને ભ્રષ્ટાચારને માન્યતા આપવા જેવું ગણાશે. દૈનિક પલ્સ સમાચાર સવાલ કરે છે - શું AMC કૌભાંડીઓનું હિત જોશે કે જનતાનું? તંત્રની શિથિલતા જ આવા તત્વોને ફરીથી છેતરપિંડી કરવાની હિંમત આપે છે. આ મામલે દાખલારૂપ કાર્યવાહી થવી હવે અનિવાર્ય છે.




**AMCમાં ખોટા જન્મ પ્રમાણપત્ર અને અનફિટ સર્ટિફિકેટ રજૂ કરી નોકરી મેળવવાનું કૌભાંડ. 10 લાખની ઉચાપત કરનાર પણ નોકરી માંગવા પહોંચ્યા.**

# ₹40 માટે નબીરાનો આતંક: પાન પાર્લરમાં તોડફોડ, પુત્ર ઘાયલ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ શહેર હવે લુખ્ખા તત્વો માટે સ્વર્ગ બની રહ્યું હોય તેમ લાગે છે. ન્યૂ રાણીપમાં બનેલી ઘટના તંત્રની નિષ્ફળતાનું વરવું પ્રતીક છે. દિનેશભાઈ માળીના પાન પાર્લરમાં થયેલી તોડફોડ માત્ર 40 રૂપિયાના ઉધાર વ્યવહારને કારણે થઈ. અભિષેક અને બલવીંદર નામના બે નબીરાઓએ જે રીતે આતંક મચાવ્યો તે દર્શાવે છે કે તેમને ખાખી વર્દીનો જરાય ખોફ રહ્યો નથી.

દુકાનદાર જમવા ગયા ત્યારે તેમના દીકરા પર કરવામાં આવેલો હુમલો અત્યંત ગંભીર છે. ટીવી તોડવાની ના પાડતા ધીરજના માથામાં લાકડીનો ફટકો મારીને તેને હોસ્પિટલ ભેગો કરી દેવાયો. સીસીટીવીમાં રેકોર્ડ થયેલી આ તાનાશાહી શહેરની સુરક્ષા વ્યવસ્થાના લીરેલીરા ઉડાડી રહી છે. પોલીસ દર વખતે 'તપાસ ચાલુ છે' નું ગાણું ગાય છે, પણ આવા લુખ્ખાઓને રસ્તા પર પરેડ કરાવી કાયદાનો પાઠ ભણાવવામાં તંત્ર પાછું પડે છે. જો ફક્ત 40 રૂપિયા માટે કોઈ વ્યક્તિના માથા ફોડી નાખવામાં આવતા હોય, તો શું અમદાવાદ હવે રહેવા લાયક સલામત શહેર રહ્યું છે ખરું? સાબરમતી પોલીસ ક્યારે આ શખ્સોને પકડી જેલના સળિયા પાછળ ધકેલશે તે જોવું રહ્યું.



**ન્યૂ રાણીપમાં ₹40ની ઉધાર ના આપતા નબીરાએ પાન પાર્લરમાં કરી તોડફોડ. દુકાનદારના પુત્રના માથામાં લાકડી મારી. સમગ્ર ઘટના CCTVમાં કેદ.**

# અમદાવાદ અકસ્માત: ભાજપ નેતાના પુત્રનું મોત, કારનો કચ્ચરઘાણ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદનો એસ.જી. હાઈવે અત્યારે જાણે 'ડેથ ટ્રેક' બની રહ્યો છે. વૈષ્ણોદેવી સર્કલ પાસે રવિવારે વહેલી સવારે સર્જાયેલા અકસ્માતે ફરી એકવાર પુરપાટ ઝડપ અને તંત્રની લાપરવાહીને ખુલ્લી પાડી દીધી છે. ગાંધીનગર જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી આઈ.બી. વાઘેલાના પુત્ર ધવલ વાઘેલાની ફોર્ચ્યુનર કારે જે રીતે ST બસ સાથે મોતની ટક્કર લીધી, તે જોઈને કોઈનું પણ કાળજું ધ્રુજી ઉઠે. ઓવરટેક કરવાની લ્હાયમાં ૨૪ વર્ષના યુવાને જીવ ગુમાવ્યો અને અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

CCTV ફૂટેજ સ્પષ્ટપણે દર્શાવે છે કે ફોર્ચ્યુનર કાર અતિશય સ્પીડમાં હતી. કાર ડિવાઈડર કૂદીને સામેના રોડ પર ઉતરી ગઈ અને એસટી બસ સાથે અથડાઈ, જેના કારણે બસ પણ નિયંત્રણ ગુમાવી ડિવાઈડર પર ચઢી ગઈ હતી. ફોર્ચ્યુનરનો કચ્ચરઘાણ એટલી હદે વળી ગયો છે કે તેનું સ્ટિયરિંગ ડ્રાઈવર સીટમાં ઘૂસી ગયું હતું. આ ભયાનક દ્રશ્યો તંત્રની નિષ્ફળતાની ચાડી ખાય છે. વૈષ્ણોદેવી બ્રિજથી અદાણી બ્રિજ સુધીના વીવીઆઈપી રોડ પર એકપણ સરકારી CCTV કેમેરા કામ નથી કરી રહ્યો, જે સુરક્ષા વ્યવસ્થા પર મોટો સવાલ છે.

માત્ર ક્રેન બોલાવીને રસ્તો ખુલ્લો કરી દેવાથી પોલીસની જવાબદારી પૂરી થતી નથી. હાઈવે પર સ્પીડ ગન અને પ્રોપર મોનિટરિંગ ક્યાં છે? ધવલ વાઘેલાની કારના નંબર GJ 18 EF 9 અને તેની અન્ય કારના VIP નંબરો તેના 'શોખ'ની વાતો કરે છે, પણ આ શોખ આજે તેના પરિવાર માટે ઉંડો શોક બની ગયો છે. શું ભાજપ નેતાનો પુત્ર હોવાથી તપાસમાં ઢીલ મુકાશે? કે પછી આ અકસ્માતમાંથી પાઠ ભણીને સ્પીડ લિમિટનું કડક પાલન કરાવાશે? વહીવટી તંત્રની આ નિષ્ક્રિયતા જ આવા જોખમી ચાલકોને છૂટો દોર આપે છે.



**અમદાવાદ વૈષ્ણોદેવી સર્કલ પાસે ફોર્ચ્યુનર અને ST બસ વચ્ચે ભયાનક અકસ્માત. ભાજપ નેતા આઈ.બી. વાઘેલાના પુત્રનું કરુણ મોત.**

# અરવિંદ કેજરીવાલના કાર્યક્રમનું સ્થળ બદલાયું, AAPના આક્ષેપ

**દૈનિક પલ્સ સમાચાર:** દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ગુજરાતમાં આગામી રણનીતિ ઘડવા ત્રણ દિવસના પ્રવાસે પહોંચ્યા છે. 17 જાન્યુઆરીની રાત્રે અમદાવાદ ઉતરેલા કેજરીવાલે ભાજપ પર ભ્રષ્ટાચાર અને તાનાશાહીના આક્ષેપો કર્યા હતા. રાજ્યના 7 ઝોનમાં બુથ કાર્યકર્તા સંમેલનો યોજીને AAP સંગઠનને મજબૂત કરવા માંગે છે. જોકે, અમદાવાદના નિકોલમાં યોજાનાર સંમેલનમાં અવરોધ આવ્યો હતો.

આમ આદમી પાર્ટીનો દાવો છે કે 2.30 લાખ રૂપિયા ચૂકવ્યા હોવા છતાં, ભાજપના દબાણને કારણે પાર્ટી પ્લોટ માલિકે છેલ્લી ઘડીએ બુકિંગ કેન્સલ કર્યું છે. આથી, હવે આ કાર્યક્રમ સાણંદ પાસેના લોદરીયાલ ગામે ખસેડવામાં આવ્યો છે. ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું કે ભાજપ હારના ડરથી ગુંડાગર્દી પર ઉતરી આવ્યું છે અને કાર્યક્રમો રોકવા પ્રયાસ કરી રહ્યું છે. જોકે, કેજરીવાલ નિર્ધારિત સમયે કાર્યકર્તાઓને સંબોધશે અને શપથ લેવડાવશે. 19 જાન્યુઆરીએ તેઓ વડોદરામાં પૂર્વ ઝોન કાર્યકર્તા સંમેલનમાં હાજરી આપીને પ્રવાસ પૂર્ણ કરશે.




**અરવિંદ કેજરીવાલ ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે. નિકોલમાં કાર્યક્રમ સ્થળ બદલાયું. AAPનો ભાજપ પર ધાક-ધમકી આપવાનો ગંભીર આક્ષેપ.**



**'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'**

# વડોદરા: તાંદલજામાં ગટરના પાણી ઘરોમાં ઘૂસ્યા, તંત્રની ઘોર નિદ્રા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા મહાનગરપાલિકાના શાસકો અને અધિકારીઓની લાપરવાહીનું વરવું ચિત્ર તાંદલજાની મુન્શી સોસાયટીમાં જોવા મળી રહ્યું છે. અહીં વિકાસની વાતો નહીં, પણ ગટરની ગંદકી ઉભરાઈ રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી સોસાયટીના રહીશોના ઘરોમાં ગટરના ગંદા પાણી ઘૂસી જવાની સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. રહીશોની ઘરની ચોકડીઓ અને આંગણા ગંદા પાણીથી ભરાઈ ગયા છે, જેના કારણે દૈનિક કાર્યો કરવા પણ મુશ્કેલ બન્યા છે.

આ બાબતે રહીશોએ સ્થાનિક વોર્ડ ઓફિસથી લઈને ઉચ્ચ સ્તરે અનેક રજૂઆતો કરી, પરંતુ પરિણામ 'શૂન્ય' રહ્યું છે. અધિકારીઓની ઉદાસીનતાને કારણે રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહીશોનો આક્ષેપ છે કે ચૂંટણી સમયે મતો માંગવા આવતા નેતાઓ અત્યારે ગાયબ છે અને કોર્પોરેશનના એન્જિનિયરો પાસે આ સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ નથી. ગંદા પાણીને કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે અને સ્થાનિકોમાં ડેન્ગ્યુ-મેલેરિયા જેવા રોગો ફેલાવવાનો ભય સતત સતાવી રહ્યો છે.

પરિસ્થિતિની ગંભીરતાને જોતા, હવે રહીશોએ મ્યુનિસિપલ કમિશનરને આખરી ચેતવણી આપી છે. રહીશોના જણાવ્યા મુજબ, જો આગામી દિવસોમાં ગટરનું પાણી ભરાવવાની સમસ્યાનું કાયમી નિરાકરણ નહીં લાવવામાં આવે, તો તેઓ મ્યુનિસિપલ કચેરી ખાતે ઉગ્ર આંદોલન કરશે અને ધરણા પર બેસશે. વડોદરા કોર્પોરેશન જે રીતે સુવિધાઓ આપવામાં નિષ્ફળ રહી છે તે જોતા રહીશોમાં એવી લાગણી જન્મી છે કે તેમને માત્ર વેરો ભરવા માટે જ ગણવામાં આવે છે. શું કમિશનર સાહેબ આ ગંભીર સમસ્યાની નોંધ લેશે કે પછી રહીશોને ગંદકીમાં જ સબડતા છોડી દેવામાં આવશે? તાંદલજાના રહીશોનો આ આક્રોશ હવે તંત્ર માટે મુશ્કેલી ઊભી કરી શકે છે.




**વડોદરાના તાંદલજા સ્થિત મુન્શી સોસાયટીમાં ગટરના ગંદા પાણી ઘરો અને ચોકડીઓમાં ભરાતા નરકાગાર જેવી સ્થિતિ સર્જાઈ છે. તંત્રની ઘોર બેદરકારી સામે રોષે ભરાયેલા રહીશોએ હવે મ્યુનિસિપલ કમિશનરને આખરી ઓલ્ટીમેટમ આપી ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.**

# અમદાવાદ: પૂર્વમાં ડ્રેનેજ અને પશ્ચિમમાં પાર્ટી પ્લોટનું આયોજન

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદમાં AMC દ્વારા પૂર્વ વિસ્તારમાં ડ્રેનેજની જટિલ સમસ્યાનો ઉકેલ લાવવા માટે આધુનિક માઈક્રો ટનલિંગ પદ્ધતિનો અમલ કરાશે. વસ્ત્રાલથી રામોલ ટોલનાકા સુધી 4.1 કિમી લંબાઈની નવી લાઈન નાખવાથી ટ્રાફિકને અસર કર્યા વિના 4 લાખ નાગરિકોને રાહત મળશે. આ ઉપરાંત, પશ્ચિમ વિસ્તારના નાગરિકો માટે થલતેજ અને રિંગ રોડ નજીક 10 હજાર ચોરસ મીટરમાં 4.5 કરોડના ખર્ચે આધુનિક પાર્ટી પ્લોટ બનાવવાની મંજૂરી સ્ટેન્ડિંગ કમિટીએ આપી છે, જેમાં પાર્કિંગ અને અન્ય સુવિધાઓ ઉપલબ્ધ હશે.

વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ વચ્ચે શહેરના આરોગ્યને લઈને ચિંતાજનક આંકડા સામે આવ્યા છે. ડિસેમ્બરમાં આરોગ્ય વિભાગે 7,108 પાણીના સેમ્પલ લીધા હતા, જેની સામે જાન્યુઆરીના પ્રથમ પખવાડિયામાં માત્ર 2,817 સેમ્પલ લેવાયા છે. રોગચાળો વકરવાની ભીતિ હોવા છતાં સેમ્પલિંગમાં થયેલો આ ઘટાડો ચર્ચાનો વિષય બન્યો છે. તંત્ર દ્વારા ક્લોરીન ટેસ્ટ અને ક્લોરીન ગોળીઓના વિતરણ પર ભાર મૂકવામાં આવી રહ્યો હોવાનું જણાવાયું છે.



**વસ્ત્રાલમાં માઈક્રો ટનલિંગથી નવી ગટર લાઈન નખાશે. થલતેજમાં 4.5 કરોડના ખર્ચે પાર્ટી પ્લોટ બનશે. રોગચાળા વચ્ચે સેમ્પલિંગમાં ઘટાડો.**

# અમદાવાદ: આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા 'ધરતી રત્ન એવોર્ડ' એનાયત

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ ખાતે સામાજિક સેવાનો અનોખો ત્રિવેણી સંગમ સર્જાયો હતો, જ્યાં આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા 'ધરતી રત્ન એવોર્ડ' અર્પણ વિધિ યોજાઈ હતી. આ ગરિમામય કાર્યક્રમમાં રાજ્યના એવા રત્નોનું સન્માન કરવામાં આવ્યું જેઓ કોઈ પણ અપેક્ષા વગર છેવાડાના ગામડાઓમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને લોકકલ્યાણના કાર્યોમાં વ્યસ્ત છે. સમાજમાં શાંત રહીને મોટું પરિવર્તન લાવનારા આ સેવકોને શોધીને તેમને સન્માનિત કરવાની આશીર્વાદ ફાઉન્ડેશનની પરંપરાએ સૌના દિલ જીતી લીધા હતા.

આ અવસરે અગ્રણીઓએ જણાવ્યું કે, સાચી માનવ સેવા એ જ છે જેમાં પીડિતો અને વંચિતોના ચહેરા પર સ્મિત લાવવાનો પ્રયાસ હોય. આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા ગ્રામીણ મહિલાઓના આરોગ્ય અને સ્વાસ્થ્ય જાગૃતિ માટે થઈ રહેલા વિશિષ્ટ પ્રયાસો અત્યંત સરાહનીય છે. "માનવ સેવા એ જ સાચી પ્રભુ સેવા" ના સિદ્ધાંતને આ સંસ્થાએ જમીની સ્તરે ઉતાર્યો છે. આવા નિઃસ્વાર્થ રત્નોના સન્માનથી સમાજમાં એક સકારાત્મક સંદેશ જાય છે અને નવી પેઢી પણ સામાજિક સેવા તરફ પ્રેરાય છે.

કાર્યક્રમમાં સન્માનિત થયેલા મહાનુભાવોએ પણ ફાઉન્ડેશનનો આભાર માનતા સેવાની આ જ્યોતને વધુ તેજસ્વી બનાવવાનો સંકલ્પ લીધો હતો. આયોજકોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આગામી વર્ષોમાં પણ સંસ્થા આવી જ રીતે સાચા સેવકોને પ્રોત્સાહન આપતી રહેશે અને સમાજને પ્રગતિની સાચી દિશા બતાવતી રહેશે. આશીર્વાદ ફાઉન્ડેશનના આ ભગીરથ કાર્યથી ગુજરાતમાં સેવાની સુવાસ સતત મહેકતી રહેશે તે નિશ્ચિત છે. અંતમાં, સંસ્થાની તમામ પ્રવૃત્તિઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી મંગલકામના સાથે સમારોહનું સમાપન થયું હતું. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**






**અંકલેશ્વર GIDCમાં ₹૪.૫ કરોડના ખર્ચે નવી ગટર લાઇન અને બોક્સ કલ્વર્ટ બનશે. વરસાદી પાણી ભરાવાની સમસ્યાનો આવશે કાયમી અંત.**

# બલદિયા કેસ: SIT સમક્ષ PI હાજર, કાયદાના રક્ષકો જ ભક્ષક?

## નંબર પ્લેટ વગરની કાર અને બ્લેક કાચ સાથે IG કચેરીએ પહોંચ્યા

